# શહેરમાં કોલ્ડવેવનુ જોર યથાવત

**લઘુત્તમ તાપમાન ઘટયુ : ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ : આકરી ઠંડીથી જનજીવન પ્રભાવિત : હજુ કાતિલ ઠંડી પડશે**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં ઠંડીએ આકરા મિજાજમાં છે. આજે ઠંડીનો પારો ૨.૩ ડીગ્રી ઉંચો આવતા લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નોંધાયુ હતુ. ગઈકાલે ઠંડીનો પારો ૭.૭ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો. આક્રમક કોલ્ડવેવ વચ્ચે નગરજનો ઠુંઠવાયા હતા. ઉતરાયણના પર્વ દરમિયાન ઠંડીનો પારો ૧૬ ડીગ્રીમાંથી ગગડીને સીધો ૭.૭ ડીગ્રીએ પહોંચી જતા જનજીવન કાતિલ ઠંડીમાં લપેટાયુ હતુ. ઠંડીનો પારો રોજબરોજ ચઢઉતર કરતા વાતાવરણમાં બદલાવ જોવા મળે છે. ઉતરાયણ પુર્વે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા શહેરીજનોએ વિચિત્ર મોસમનો અનુભવ કર્યો હતો. જયારે બીજા દિવસે અચાનક જ ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૭.૭ ડીગ્રી પહોંચી ગયુ હતુ. આક્રમક ઠંડીએ સૌ કોઈને પ્રભાવિત કર્યા છે. શિયાળાની મોસમ આકરી બની રહી છે. જયારે હીમચાલ પ્રદેશમાં ભારે હીમવર્ષના લીધે સમગ્ર દેશમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે.ઉત્તાર ભારતના મેદાની વિસ્તારોમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. જયારે રાજસ્થાન અને ગુજરાતમાં પણ આકરી ઠંડીની લપેટમાં આવી ગયુ છે. ગઈકાલે ઠંડીનો પારો ૭.૭ ડીગ્રીએ પહોંચી ગયા બાદ આજે અચાનક જ લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી આવી ગયુ હતુ. ઠંડીનુ પ્રમાણમાં ઘટાડો થયો હતો પરંતુ પવનનુ જોર વધુ રહેતા વાતાવરણમાં ઠંડીની તિવ્રતામાં કોઈ ખાસ ફેરફાર થયો ન હતો. ઓજ લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી અને મહત્તમ તાપમાન ૨૩.૮ ડીગ્રી રહ્યુ હતુ. સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ ૫૩ થી ૭૪ ટકા રહ્યુ હતુ. ઠંડીનુ જોર ઘટવા છતા વાતાવરણમાં કોલ્ડવેવનુ આક્રમણ યથાવત છે. અલબત્ત આજે પણ નગરજનોએ સવારથી આકરી ઠંડી અનુભવી હતી. સતત ઠંડીના લીધે જનજીવન વિશેષ પ્રભાવિત છે. ઠંડીનો પારો ૭.૭ ડીગ્રી સુધી પહોંચી ગયા બાદ આજે ઠંડીનુ પ્રમાણ થોડુ ઘટ્યુ હતુ પરંતુ જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના મતે આગામી તા ૨૪ જાન્યુઆરી સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં કાતિલ ઠંડી પડવાની સંભાવના છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડીનુ જોર વધશે. ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.



# ભ્રષ્ટાચાર દૂર કરવા રૂપાણીનો ખુલ્લો જંગ, કહ્યું અમે કાયર નથી

**મુખ્યમંત્રી રૂપાણીએ ૭ મિનિટનો વીડિયો ફેસબૂક પર શેર કર્યો : અમારો કોઈ એજન્ડા નથી, બધું ચલાવવું એવા અમે કાયર નથી : ભ્રષ્ટાચારીને પકડીને એને નાથવાનો પ્રયાસ છે**

ગાંધીનગર



ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભ્રષ્ટાચાર સામે ખુલ્લો જંગ છેડ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કર્યો છે. તેમણે જણાવ્યુ હતુ કે, ભ્રષ્ટ અધિકારીઓસામે કડક પગલા લેવામાં આવી રહ્યા છે. અમે ઈમાનદારીથી પગલા લઈ રહ્યા છીએ. આ સાથેએન્ટી કરપ્શન વિભાગને મજબૂત બનાવવામાં આવી રહ્યુ છે.

તેમણે કહ્યુ કે, અમે કાયર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓકહેતા હતા કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી. આપણે પણ એ જ રસ્તે ચાલ્યા છીએ. અમારા કોઈ વ્યક્તિગત એજન્ડા નથી. આપણે એન્ટી કરપ્શનને ખૂબ મજબૂત બનાવ્યું છે અનેઅને એસીબીના દરોડાનો વ્યાપ વધાર્યો છે. ભ્રષ્ટાચારીને પકડીને એને નાથવાનો પ્રયાસ છે. બધુંચલાવવું એવા અમે કાયર નથી.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફેસબુક પર પોતાના મનની વાત કરતો વીડિયો પોસ્ટ કર્યો છે. આવીડિયોમાં રૂપાણી ગુજરાતમાં ચાલતા ભ્રષ્ટાચારની વાત કરતા નજરે પડ્યા હતા.

ગુજરાતે અનેક લોકોની હાટડી બંધ કરાવી છે. ઓનલાઈન કામથી પારદર્શકતા આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી પોતાના મનની વાતમાં કહ્યું કે ગુજરાતને ભ્રષ્ટાચાર મુક્તકરવાનું સપનું સાકાર કરાશે. સરકારે અનેક વિભાગોમાં ચાલતી ગફલતો બંધ કરાવી છે. મહેસૂલ, અને RTOને ઓનલાઈનકરીને વચેટિયાઓની હાટડી બંધ કરી છે. મારી સરકાર ચાર પાયા પર ચાલે છે તેમાં એકપારદર્શકતા છે.

અમે એન્ટીકરપ્શનને ખુબ મજબૂત બનાવ્યું, લીગલ એડવાઈઝર આપ્યા. ભ્રષ્ટાચારનેગુજરાતમાંથી ઉખાડી ફેંકવા માટે લડાઈ લડી રહ્યા છીએ. ખેડૂતોના પૈસા સીધા પૈસા ખાતામાંજાય છે. કોઈ વચેટિયા નથી. હજુ પણ વ્યાપક સુધારા લાવી રહ્યા છીએ.

### વિજય રૂપાણીએ કહ્યું કે....

- મહેસૂલની તમામ પ્રક્રિયા ઓનલાઈન છે.
- ભ્રષ્ટ અધિકારીઓ સામે કાર્યવાહી કરાશે.
- ભ્રષ્ટ અધિકારીઓને સીધી રીતે ચીમકી આપી છે.
- મહેસૂલમાં ઓનલાઈન વ્યવસ્થા શરૂ કરી છે.
- જમીન એનએ કરવામાં ભ્રષ્ટાચાર થતો હતો.
- જિલ્લા પંચાયતમાં વાર દીઠ ભાવ હતો.
- ભ્રષ્ટાચારીઓને પકડીને એને નાથવાનો પ્રયાસ
- ભ્રષ્ટાચારીઓની આવક બંધ થઈ ગઈ છે.
- ભ્રષ્ટાચાર રોકવા આરટીઓ ચેકપોસ્ટો બંધ કરી દેવાતા આવક ૨૧ ટકા વધી ઠે.
- શિક્ષકો અને બાળકોની હાજરી ઓનલાઈન કરાતા હાજરીમાં વધારો થયો છે.
- સીએમ ડેશબોર્ડનું સીધું મોનીટરીંગ કરી રહ્યો છું.
- પારદર્શક વહીવટી વ્યવસ્થા ગોઠવવા સરકાર કટિબધ્ધ છે.
- નાગરિકોના કામ ઝડપી થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે
- ઈમાનદારીથી પગલા લઈ રહ્યાં છીએ
- ઘણા વિરોધીઓ ટીકા કરે છે, લોકો સાથ અને સહકાર આપે

## આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ડીઈઓ પરીક્ષા સ્થળોની તપાસ કરશે

**પરીક્ષાને અનુલક્ષી આનુષાંગિક વ્યવસ્થા તેમજ સી સી કેમેરા અને અગાઉના ગેરરીતીના રેકર્ડસ અંગે પણ તપાસ કરાશે**

ગાંધીનગર તા ૧૬

આગામી માર્ચ મહીનામાં લેવાનારી બોર્ડની પરીક્ષાને અનુલક્ષી કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેમજ પરીક્ષાના સુચારુ આયોજન માટે શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને પરીક્ષા સ્થળોનુ યોગ્ય નિરીક્ષણ કરવા પણ જણાંવાયુ છે. જયારે પરીક્ષાને અનુલક્ષી શાળાઓમાં જરૂરી વ્યવસ્થાની જાણકારી મેળવવા સહીત ગેરરીતી અંગેના જુના રેકર્ડસ પણ તપાસવા માટે જણાંવાયુ છે.

આગામી માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે આ પરીક્ષાને અનુલક્ષીને સ્થાનિક તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. પરીક્ષા તંદુરસ્ત માહોલમાં લેવાય અને ગેરરીતી થતી અટકે તે માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પોતાના વિસ્તારના પરીક્ષા સ્થળોનુ નિરિક્ષણ કરવા અને યાગ્ય તપાસ કરવા માટે સુચના આપી છે. જયારે અગાઉના વર્ષોમાં ગેરરીતી થતી હોય તેવા પરીક્ષા સ્થળોમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ આદેશ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સબ સ્ટાન્ડર્ડ વસ્તુઓ અને ઉત્પાદનોનું વેચાણ કરતા પાંચ દંડાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં સબ સ્ટાન્ડર્ડ વસ્તુઓનું વેચાણ કરવા માટે ૩ ઉત્પાદકો અને બે વેપારીઓ સામે દંડનીય કાર્યવાહીના આદેશ એડજ્યુડીકેટીંગ કોર્ટ દ્વારા આપવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામના લક્ષ્મી ટ્રેડર્સમાંથી લેવાયેલ તેલના નમૂનાઓ સબસ્ટાન્ડર્ડ જણાતાં વેપારી તેમજ ઉત્પાદક એકતા ઓઈલ પ્રોટીન્સ ગોંડલને એડજ્યુકેટીંગ ઓફિસર દ્વારા રૂ. એક-એક લાખનો દંડ ફટકારવામાં આવેલ છે. જો આ દંડની રકમ ૩૦ દિવસમાં ના ભરે તો વાર્ષિક ૧૨ ટકાના ધોરણે વ્યાજ લાગુ કરાશે.

આ ઉપરાંત શ્રીજી ટ્રેડીંગ માણસામાંથી લેવાયેલા ઓઈલ કેક પણ સબ સ્ટાન્ડર્ડ જણાતાં શ્રીજી ટ્રેડીંગ માણસા અને ઉત્પાક શ્રી સ્વીટ્સ ફેટ એન્ડ પ્રોટીન્સ-રાજકોટને રૂ. એક-એક લાખનો દંડ ફટાકરાત આદેશ જારી કરવામાં આવ્યા છે.

જ્યારે ત્રીજા એક કેસમાં કલોલ તાલુકાના છત્રાલ જી.આઈ.ડી.સી.માં આવેલ હરિઓમ ઓઈલ એન્ટરપ્રાઈઝમાંથી રિફાઈન્ડ તેલનો નમુનો લેવાયો હતો જે સબસ્ટાન્ડર્ડ જણાતાં બે લાખનો દંડ ફટકારવાના આદેશ જારી કરવામાં આવ્યા છે.

એડજ્યુડીકેટીંગ ઓફિસર એચ.એન. જાડેજાની કોર્ટમાં આ કેસો ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ દાખલ કર્યા હતા જેની લંબાણપૂર્વકની સુનાવણીને અંતે આ દંડનીય કાર્યવાહી કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

આજના આ ત્રણ ચુકાદાઓ લેવાયેલ નમૂનાઓની ચકાસણી વડોદરા અને રાજકોટની લેબમાં કરવામાં આવી હતી. પૃથ્થકરણના રિપોર્ટને ધ્યાને લઈ આ આદેશો જારી કરાયા છે.

આ ચુકાદાઓને પગલે અખાદ્ય ચીજોના વેપલો કરતા વેપારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## શહેરના કોમર્શિયલ વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો

**કથળેલી પાર્કીંગ વ્યવસ્થા વચ્ચે રોજબરોજ મુલાકાતીઓના વાહનો ફસાઇ જાય છે : પાર્કીંગ સેન્સનો પણ ભારોભાર અભાવ : પાર્કીંગ પ્લેસ દબાણો અવરોધરૂપ**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં જોખમાતી માર્ગ સલામતી વચ્ચે સેકટરોમાં સ્થિત કોર્મશિયલ વિસ્તારમાં આડેધડ વાહનો ખડકાતા પાર્કીંગની સમસ્યા જટીલ બની છે. છેલ્લા ઘણાં સમયથી સે-૧૬ અને સે-૧૧ માં આડેધડ વાહનો પાર્ક થાય છે જેના લીધે નિયમ મુજબ પાર્કીંગ પ્લેસ પર વાહનો પાર્ક કરતા વાહન ચાલકોએ મુશ્કેલીમાં મુકાવવાનો વારો આવે છે. પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાના દબાણોએ અડ્ડો જમાવતા આમ પણ પાર્કીંગ વ્યવસ્થાનો અભાવ વર્તાય છે. જયારે આ દબાણો દુર કરવા માટે હાથ ધરાતી નાટકીય ઝુંબેશ પણ આ સ્થિતિ માટે જવાબદાર હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત થઈ ગયા બાદ સર્કલ તેમજ ચાર રસ્તા પાસે ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે થાય છે. જયારે ગતિ નિયંત્રણ પણ જળવાય છે. પરંતુ માર્ગ સલામતીને સ્પર્શતા પાર્કીંગના મુદ્દે હજુ સુધી શહેરમાં ભારોભાર અવ્યવસ્થા જોવા મળી રહી છે. નગરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ રોજબરોજ આડેધડ વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. સરકારી કચેરીઓને અનુલક્ષીને પણ પુરતી પાર્કીંગ વ્યવસ્થા જળવાતી નથી જયારે શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ નજર નાંખો તો પાર્કીંગ વ્યવસ્થામાં ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. પાર્કીંગ સેન્સના અભાવના લીધે પણ શહેરના જાહેર સ્થળો પર મોટો શિરદર્દ જોવા મળે છે. કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત લાખોના ખર્ચે પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરાયુ છે. પરંતુ હાલ આ ઠેકાણે વાહનોના ઠેકાણે દબાણો ગોઠવાઈ જતા વાહનચાલકોને પાર્કીંગ માટે જગ્યા મળતી નથી. કોર્મશિયલ બિલ્ડીંગને અનુલક્ષી લાખોના ખર્ચે પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરાયા બાદ આ પૈકી કેટલાક પાર્કીંગ પ્લેસ અપગ્રેડ પણ કરાયા છે. પરંતુ હાલ પણ આ વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા યથાવત છે. સે-૧૧ સે-૧૬માં પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. સે-૧૧ માં પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાના દબાણોના લીધે ગમે ત્યાં વાહનો ગોઠવી દેવાતા પાર્કીંગ સેન્સના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળી રહ્યુ છે. જયારે લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે પણ નાટકીય ઝુંબેશ હાથ ધરાયા બાદ દબાણો જૈસે થૈ ગોઠવાઈ જાય છે. સે-૧૬ માં પણ આ પ્રકારની જ સ્થિતિ છે. નિયમ મુજબ પાર્કીંગ કરનારા વાહનચાલકો માટે આજા ફસાજા જેવી સ્થિતિનુ નિર્માણ થાય છે. શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ વ્યવસ્થાના ખાડે ગઈ છે. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થાય છે આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાય છે. સે-૧૧ માં પણ આ સમસ્યા વર્ષો જુની છે. પરંતુ આ સ્થિતિના કાયમી અને અસરકારક ઉકેલ માટે કોઈ આયોજન થતુ નથી રોજબરોજ વાહનચાલકોના વાહનો સલવાઈ જાય છે. જેમાં ખાસ કરીને સિનિયર સીટીઝન્સ તેમજ મહીલાઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. શહેરના જાહેર સ્થળો પર ખાસ કરીને કોર્મશિયલ વિસ્તારમાં સ્માર્ટ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તેવુ આયોજન કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



મહાત્મા ગાંધી પર સંવાદ - વિશ્વગ્રામ પ્રેરિત સંવાદમાં સામેલ થવા નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... ગાંધીજીના પૌત્ર અને જાણીતા લેખક રાજમોહન ગાંધી ગુરૂવારે કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે 'મહાત્મા ગાંધી' વિષય પર વક્તવ્ય આપવા પધાર્યા હતા... રાજમોહન ગાંધીને સાંભળવા ગાંધીવાદીઓ અને યુવાનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... રાજમોહન ગાંધીએ ગાંધીજીના જીવનની યાદગાર જીવનની પળો અને પ્રસંગોને આગવી શૈલીમાં રજૂ કર્યા હતા...

## ગાંધીનગરમાં ૨૭મીએ પૂર્વ ધારાસભ્યો ધરણા યોજવા મજબુર બન્યા છે : બાબુભાઈ શાહ

**આર્થિક સંકડામણ અનુભવતા પૂર્વ સભ્યોને પેન્શન આપવા માંગ : એક્સ એમ.એલ.એ. કાઉન્સીલ માટે ફાળવેલી ઓફિસમાં શૌચાલયની સુવિધા પણ નથી : પૂર્વ સભ્યો પોતાના વાહન સાથે પણ કાઉન્સીલની ઓફિસમાં આવી શકતા નથી**

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨૭મી જાન્યુઆરીએ રાજ્યની એક્સ એમ.એલ.એ. કાઉન્સીલ દ્વારા ગાંધીનગરમાં એક દિવસીય ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે આ અંગેની જાહેરાત કાઉન્સીલના પ્રમુખ બાબુબાઈ મેઘજીભાઈ શાહે કરી છે. તેમણે જણાવ્યુ હતુ કે હાલ કાઉન્સીલના ૧૩૦થી વધુ સભ્યો ભારે આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે ત્યારે આ પૂર્વ ધારાસભ્યોને પેન્શન, મેડીકલ સેવાઓ તેમજ મફત એસ.ટી. પ્રવાસ સહિતની સુવિધાઓનો લાભ આપવાની માંગણી છે.

તેમણે કહ્યુ કે પેન્શન અને અન્ય પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં કોઈજ હકારાત્મક પ્રતિસાદ સરકાર તરફથી ના મળતાં ના છૂટકે આ આંદોલનનો માર્ગ પસંદ કરવાની કાઉન્સીલને ફરજ પડી છે.

પૂર્વમંત્રી ડૉ. કરશનદાસ સોનેરીએ જણાવ્યુ હતુ કે દેશના ૨૭ રાજ્યોમાં પૂર્વ ધારાસભ્યોને પેન્શન આપવાની યોજના

અનુસંધાન પાન-૭ પર

## ગુજકોમાસોલના ચેરમેનપદે પુનઃ દિલીપ સંઘાણીની વરણી

અમદાવાદ, તા. ૧૬



ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ)ના ચેરમેન પદે જાણીતા સહકારી આગેવાન અને ભાજપના અગ્રણી દિલીપ સંઘાણીની વરણી કરાઈ છે. જયારે વાઈસ ચેરમેન તરીકે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારની વરણી કરાઈ છે. વરણી બાદ દિલીપભાઈ સંઘાણી અને ગોવિંદભાઈને શુભેચ્છકો અને સહકારી આગેવાનોએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપના પ્રદેશ આગેવાન સર્વ કે.સી. પટેલ અને ભરતભાઈ પંડ્યાએ પક્ષના મેન્ડેટને ભાજપના સભ્યોને વાંચી સંભળાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ફેડરેશનમાં ૩૩ પૈકી ૨૯ સભ્યો ભાજપના છે.

અમદાવાદ શહેરના પશ્ચિમ વિભાગના ડે. કલેક્ટર જે.બી. દેસાઈના અધ્યક્ષસ્થાને ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે ભારતીય જનતા પાર્ટીના અગ્રણી હરોળના નેતા, પૂર્વ કૃષિમંત્રી, નાસ્કોબના ચેરમેન તથા ઈફકોના વાઈસ ચેરમેન તથા ગુજકોમાસોલના વર્તમાન ચેરમેન દિલીપભાઈ સંઘાણીના નામની દરખાસ્ત ડિરેક્ટર તેજસકુમાર પટેલે મુકેલ હતી જેને ડિરેક્ટર મનોજભાઈ પટેલે ટેકો આપેલ હતો અન્ય કોઈ નામની દરખાસ્ત ન થતા દિલીપભાઈ સંગાણી બિનહરીફ ચેરમેન તરીકે ચૂંટાઈ આવેલ છે. ત્યારબાદ વાઈસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાતાં વાઈસ ચેરમેન તરીકે માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના નામની દરખાસ્ત ડિરેક્ટર રસિકભાઈ પટેલે મુકેલ હતી જેને ડિરેક્ટર નવનીતભાઈ પટેલે ટેકો આપેલ હતો.

# કેબિનેટ મંત્રીની ટોલ કર્મીઓને ટકોરથી મામલો ગરમાયો

**ભરૂડી ટોલનાકા પર મામલો ગરમાયો : રાદડિયાએ ટોલ કર્મીઓને લાંબી લાઇન કલીયર કરાવવા માટે ટકોર કરી હતી : ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી**

અમદાવાદ, તા. ૧૬

ગોંડલના રાજકોટ-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા ભરૂડી ટોલનાકા પર કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા અને ટોલ કર્મચારીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી. ભરૂડી ટોલ પ્લાઝા પર કેબિનેટ મિનિસ્ટર જયેશ રાદડિયાએ ટોલ કર્મચારીઓને લાંબી લાઈન ક્લિયર કરાવવા માટે ટકોર કરી હતી. જેના કારણે માથાકુટ થઈ હતી. આ બબાલને લઈ સમગ્ર મામલો ગરમાયો હતો. ભરૂડી ટોલનાકા પર કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા અને ટોલ કર્મચારીઓ વચ્ચે થયેલી માથાકૂટને પગલે લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ટોલનાકાના જવાબદાર અધિકારીઓના ફોન સ્વીચ ઓફ આવી રહ્યા હતા, જેને લઈ કેબિનેટ મંત્રીએ ગંભીર નોંધ લઈ ટોલબુથના અધિકારીઓના બેજવાબદાર વલણની પણ ભારે ટીકા કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજયના વિવિધ ટોલબુથ પર ટોલ કર્મચારીઓની દાદાગીરી અને વાહનચાલકો સાથે અસભ્યતાભર્યા વર્તનના અનેક કિસ્સાઓ છાશવારે સામે આવતાં રહે છે ત્યારે રાજય સરકાર અને સંબંધિત સત્તાવાળાઓએ આ

અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com